પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૪૫, કુલ પાના:૪, તારીખ: ૧૨-૦૨-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 145 PRICE :-RS. 1.50 DATE : 12-02-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સરહદ વિવાદ વચ્ચે રાજ્યસભામાં રાજનાથ સિંહે કરી જાહેરાત

# પેંગોંગ લેકથી સેનાને પાછળ ખસેડવા ભારત-ચીન વચ્ચે સમજૂતી



ન્યુ દિલ્હી,

રક્ષામંત્રી રાજનાથ સિંહ રાજ્યસભામાં 'પૂર્વ લદ્દાખમાં વર્તમાન સ્થિતિ' પર રાજ્યસભામાં નિવેદન આપ્યું. તેમણે માહિતી આપી કે ભારત અને ચીનની વચ્ચે ડિસએન્ગેજમેન્ટ પર સહમતિ બની ગઈ છે. પેંગોંગ લેકના ઉત્તર અને દક્ષિણ તટ પર બંને સર્વિસીસ ફોરવર્ડ સૈનિકોને પાછળ કરશે. ચીન જ્યાં ઉત્તરી તટ પર ફિંગર ૮ના પૂર્વમાં જશે ત્યાં ભારતીય ફિંગર ૩ની પાસે સ્થિત મેજર ધાન સિંહ થાપા પોસ્ટ (પરમેનન્ટ બેઝ) પર રહેશે. સિંહે કહ્યું કે પેંગોંગ ઝીલમાં ડિસએન્ગેજમેન્ટ પૂરું થયા બાદ બંને સેનાઓની વચ્ચે ફરીથી વાત થશે.

રક્ષામંત્રી રાજનાથ સિંહે સંસદમાં એલાન કર્યું કે ભારત-ચીને બંને એ નક્કી કર્યું છે કે એપ્રિલ ૨૦૨૦થી પહેલાંની જ સ્થિતિને લાગૂ કરાશે. જે બાંધકામ અત્યાર સુધી કરાયું તેને હટાવી દેવાશે. જે જવાનો શહીદ થયા તેમને દેશ હંમેશા સલામ કરશે. આ ગૃહ દેશની સંપ્રભુતાના મુદ્દા પર એક સાથે ઉભું છે.

રાજ્યસભામાં રાજનાથે માહિતી આપી કે પેંગોંગ ઝીલના ઉત્તર અને દક્ષિણ તટ પર ડિસએન્ગેજમેન્ટની સમજૂતી થઈ ગઈ છે. ચીન એ વાત પર પણ સહમત થયું છે કે પૂર્ણ ડિસએન્ગેજમેન્ટના ૪૮ કલાકની અંદર સિનિયર કમાન્ડર લેવલની વાતચીત થાય અને આગળની કાર્યવાહી પર ચર્ચા થાય. સિંહે કહ્યું કે પેંગોંગ ઝીલને લઈ થયેલ સમજૂતી પ્રમાણે ચીન પોતાની સેનાને ફિંગર ૮થી પૂર્વની તરફ રાખશે. આ જ રીતે ભારત પણ પોતાની સેનાની ટુકડીઓને ફિંગર ૩ની પાસે પોતાના પરમેનન્ટ બેઝ પર રાખશે.

રાજનાથ સિંહે કહ્યું કે આપણું સૈન્ય ત્યાં હાજર છે, જેમાં વ્યૂહાત્મક મહત્વના ઘણા ક્ષેત્રોને ચિહ્નિત કર્યા છે.'' સિંહે કહ્યું કે પૂર્વી લદ્દાખમાં ચીન ઉપર ભારતની એક 'ધાર' છે. રક્ષામંત્રીએ કહ્યું કે મિલિટ્રી અને ડિપ્લોમેટિક લેવલ પર અમારી વાતચીત થઈ છે. અમે ત્રણ સિદ્ધાંતો પર જોર આપ્યું છે. રક્ષા મંત્રીએ કહ્યું કે અમારું લક્ષ્ય છે કે LAC પર ડિસએન્ગેજમેન્ટ અને યથાસ્થિતિ બની જાય. રાજનાથસિંહે કહ્યું કે ચીનના ૩૮૦૦૦ ભારતીય ભૂભાગ પર અનધિકૃત કબજો છે. તેમણે કહ્યું કે ભારતે ચીનને હંમેશા કહ્યું છે કે દ્વિપક્ષીય સંબંધ બંને તરફથી કોશિષ કરવા પર જ વિકસિત થઈ શકે છે, સાથો સાથ સરહદ વિવાદ પણ આવી જ રીતે ઉકેલી શકાય છે. સિંહે કહ્યું કે સરહદ પર ચીને જે પગલુંભર્યું છે તેનાથી ભારત-ચીનના સંબંધો પર પણ અસર પડી છે. રક્ષામંત્રીએ વધુમાં કહ્યું, ચીને ૧૯૬૨માં લદ્દાખની અંદર ૩૮ હજાર ચો. કિમી વિસ્તાર પર અનધિકૃત રીતે કબજો કરી રાખ્યો છે. આ સિવાય પાકિસ્તાને PoKમાં ૫,૧૮૦ ચો. કિમી જમીન ગેરકાયદે રીતે ચીનને આપી દીધી. આ રીતે ચીનનો ભારતની લગભગ ૪૩ હજાર ચો. કિમી જમીન પર કબજો છે. તો આ તરફ ચીન અરુણાચલ પ્રદેશની પણ ૯ હજાર ચો. કિમી જમીન પોતાનો ગણાવે છે. ભારતે આ ખોટા દાવાઓને સ્વીકાર કર્યા નથી. રક્ષામંત્રીના રાજ્યસભામાં નિવેદન આપ્યાના એક દિવસ પહેલાં એટલે કે બુધવારે ચીની સરકારે દાવો કર્યો કે લદ્દાખમાં LAC પર ભારત સાથે નવ મહિનાથી ચાલી રહેલી અથડામણ સમાપ્ત થઈ ગઈ છે. ચીનના જણાવ્યા પ્રમાણે, બુધવારે બન્ને તરફથી ફ્રન્ટલાઈન પર તહેનાત સૈનિકોની એકસાથે વાપસી શરૂ થઈ. આ પહેલાં ચીની મીડિયાએ પણ દાવો ક્યો હતો કે પેંગોંગ લેકના દક્ષિણ અને ઉત્તર વિસ્તારથી ભારત-ચીનની સેનાએ ડિસએન્ગેનમેન્ટની પ્રોસેસ શરૂ કરી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, ભારત અને ચીન વચ્ચે પૂર્વ લદાખ વિસ્તારમાં માર્ચ-એપ્રિલ ૨૦૨૦માં વિવાદ શરૂ થયો હતો. પૂર્વ લદાખ વિસ્તારમાં ચીની સેનાએ ઘૂસણખોરી કરી હતી અને નક્કી ન્છઝને પાર કરી હતી. જે બાદ ચીન તરફથી પાછળ ખસવા માટે ઈનકાર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ બન્ને સેના વચ્ચે વિવાદ વધી ગયો. જૂન ૨૦૨૦માં ભારત-ચીન વચ્ચે ઘર્ષણ થયું હતું અને ભારતના ૨૦ જવાન શહીદ થઈ ગયા હતા. ત્યારથી લઈને અત્યાર સુધી મોટી સંખ્યામાં બન્ને દેશોએ બોર્ડર પર જવાનોને તૈનાત કર્યા હતા. જો કે, હવે સરકારે સમજૂતીની જાહેરાત કરી છે.

# રશિયન એજન્સીનો મોટો ધડાકો: ગલવાન હિંસામાં ચીનના ૪૫ સૈનિકોના મોત નિપજ્યા હતા



મૉસ્કો,

પૂર્વી લદાખમાં ગલવાન ખીણમાં ૧૫ જૂને થયેલા લોહિયાળ સંઘર્ષમાં કેટલા ચીની સૈનિકો માર્યા ગયા હતાં તેને લઈને રશિયાની સમાચાર એજન્સી તાસે સનસની ખુલાસો કર્યો છે. તાસે જણાવ્યું હતું કે, આ હિંસામાં ઓછામાં ઓછા ૪૫ ચીની સૈનિકો માર્યા ગયા હતાં. આ હિંસામાં ૨૦ ભારતીય જવાનો શહીદ થયા હતાં. રશિયાની સમાચાર એજન્સીના આ દાવા બાદ અત્યાર સુધી પોતાના કેટલા સૈનિકો માર્યા ગયા મુદ્દે ભેદી મૌન સેવનારા ચીનની આબરૂના દુનિયા આખીમાં ધજાગરા થયા છે. રશિયાની સમાચાર એજન્સીનો આ ખુલાસો પણ બરાબર એવા જ સમયે થયો છે જ્યારે બંને દેશોની સેના પેંગોગ લેક પરથી પોતાના સૈનિકોને પાછા ખસેડવા સહમત થઈ છે.

લદાખમાં LAC પર ભારત અને ચીન વચ્ચે છેલ્લા ૯ મહિનાથી સામ સામે છે. બંને દેશોએ સરહદે લગભગ ૫૦-૫૦ હજાર જવાનો ખડક્યા છે. અગાઉ ચીને ભારત સાથેની બેઠકમાં જણાવ્યું હતું કે, ગલવાન ખીણમાં થયેલા ઘર્ષણમાં તેના ૫ જવાનો માર્યા ગયા હતાં. તેમાં ચીની સેનાનો એક કમાંડિંગ ઓફિસર પર શામેલ હતો. ચીન ભલે હાલ ૫ જ સૈનિકો માર્યા ગયાની વાત કરી રહ્યું હોય પણ અમેરિકા અને ભારતની ગુપ્તચર એજન્સીઓનું અનુંમાન છે કે ચીનના ઓછામાં ઓછા ૪૦ જેટલા ચીની સેનિકો આ અથડામણમાં માર્યા ગયા હતાં. રશિયાની સમાચાર એજન્સી તાસનો ખુલાસો પણ કંઈક આ તરફ જ ઈશારો કરે છે. હાલ પૂર્વી લદ્દાખના ડેપસાંગ, પેંગોગ લેકના નોર્થ અને સાઉથ બેંક, પેટ્રોલિંગ પોઈન્ટ ૧૭A, રેઝાંગ લા અને રેચિન લામાં બંને દેશોનું સૈન્ય સામસામે છે. ગલવાન ઘટનામાંથી પાઠ લેતા ભારતને ચીનને સ્પષ્ટ કહી દીધું હતું કે, અમારા સૈનિકો સ્વરક્ષા અને પૂર્વી લદ્દાખમાં પોતાની સરહદોની સુરક્ષા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે છે. ભારતે સ્પષ્ટ ભાષામાં કહી દીધું હતું કે, જો આ ક્ષેત્રમાં સ્થિતિ નિયંત્રણ બહાર જશે તો અમારા સૈનિકો ગોળીઓ ચલાવતા પણ ખચકાશે નહીં.

# સ્થા.ચૂંટણીમાં મહિલા અનામતના રોટેશનના નિયમના અમલની પિટિશન હાઈકોર્ટે ફગાવી



અમદાવાદ,

ગુજરાતામાં આગામી દિવસોમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન કેટલીક જિલ્લા પંચાયતોની બેઠકોમાં મહિલા અનામતના રોટેશનનો નિયમ પ્રમાણે અમલ ન થયો હોવાની ફરિયાદ કરતી પિટિશનો ગુજરાત હાઈકોર્ટે ફગાવી છે. આ બેઠકો છેલ્લાં ૨૦ વર્ષથી કે ત્રણ ટર્મથી મહિલાઓ માટે જ અનામત હોવાથી પુરૂષ ઉમેદવારોને તક ન મળતી હોવાની રજૂઆત કરાઈ હતી. હાઈકોર્ટે નોંધ્યું છે કે ચૂંટણી પ્રક્રિયા શરૃ થઈ ચૂકી હોવાથી કોર્ટે આ મુદ્દે હસ્તક્ષેપ કરવા માગતી નથી.

તાપી જિલ્લા પંચાયતમાં આવતી ચિમેર બેઠકના એક મતદારની પિટિશન હતી કે ચિમેર બેઠક છેલ્લાં ૨૦ વર્ષથી અનુસૂચિત જનજાતિની મહિલાઓ માટે અનામત છે. વીસ વર્ષથી અહીં રોટેશન કરાયું નથી અને આ બેઠક અનુસૂચિત જનજાતિના પુરૃષ અને મહિલા બન્ને ઉમેદવારો માટે જાહેર કરાઈ નથી. તાપી જિલ્લા પંચાયતની બોરડા બેઠક પણ છેલ્લી ત્રણ ટર્મથી મહિલા ઉમેદવાર માટે અનામત છે. પાટણ અને ગાંધીનગર જિલ્લાની કેટલીક બેઠકોમાં પણ આવી જ પરિસ્થિતિ હોવાથી વિવિધ પિટિશનો દ્વારા રજૂઆત કરાઈ હતી કે આ બેઠકો પરથી લડવાની પુરૃષોને પણ તક મળવી જોઈએ અને રોટેશનનો યોગ્ય રીતે અમલ થવો જોઈએ.

આ પિટિશનોના વિરોધમાં રાજ્ય ચૂંટણી પંચ અને રાજ્ય સરકાર દ્વારા રજૂઆત કરાઈ હતી કે બંધારણના અનુચ્છેદ ૨૪૩-ઓ પ્રમાણે ચૂંટણી પ્રક્રિયા શરૃ થયા બાદ કોર્ટ ચૂંટણીની બાબતોમાં હસ્તક્ષેપ કરી શકે નહીં અને અરજદારો પણ આવી રીતે રિટ કરી શકે નહીં. અરજદારો ઈચ્છે તો પરિણામ જાહેર થયા બાદ આ મુદ્દે ઈલેક્શન પિટિશન કરી શકે છે. જો કે ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી હોવાથી તેમજ અ ત્યારે કોર્ટ કોઈ આદેશો આપે તો પ્રક્રિયા પર ઘેરી અસર થવાની સંભાવના હોવાથી તમામ પિટિશનો ફગાવવામાં આવી છે.

## સ્થાનિક ચૂંટણી પછી ૫-૮ ધોરણની પરીક્ષા લેવાની વિચારણા

ગાંધીનગર,

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો રાજકીય માહોલ છે, ત્યારે રાજ્યમાં કોરોનાના કેસો સતત ઘટી રહ્યા છે અને સક્રિય કેસોની સંખ્યા ૨૦૦૦ની આસપાસ જ છે. જેથી રાજ્યમાં સામાન્ય સ્થિતિ ઝડપથી સ્થપાઈ રહી છે, જેથી શૈક્ષણિક કાર્યમાં વધારો કરવામાં આવી રહ્યો છે. અત્યાર સુધીમાં સરકારે ધોરણ ૧૦, ૧૨, કોલેજ અને છેલ્લે ધોરણ ૯-૧૧ના વિદ્યાર્થીઓ માટે શાળા શરૂ કરવાની મંજૂરી આપી છે, પણ સરકારે હવે અન્ય પ્રાથમિક ધોરણના વિદ્યાર્થીઓ માટે પણ અભ્યાસ શરૂ કરી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂરી થયા બાદ સરકાર હવે ધોરણ ૧-૪ અને ૫-૮ના અભ્યાસ અને પરીક્ષા લેવા માટે વિચારણા કરી રહી છે. સ્થાનિક ચૂંટણી પછી ધોરણ ૧-૪ના વિદ્યાર્થીઓની એકમ કસોટી લઈ તેના આધારે પરિણામ જાહેર કરવાની વિચારણા ચાલી રહી છે. આ ઉપરાંત આગામી શૈક્ષણિક સત્ર પણ વહેલુ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ વખતે ઉનાળુ વેકેશન પણ વિદ્યાર્થીઓને લાંબું આપવામાં આવશે નહીં. જોકે આ અંગે હજુ કોઈ નિર્ણય લેવામાં નથી આવ્યો. જોકે સત્તાવાર જાહેરાત માટે હવે ચૂંટણી સુધી રાહ જોવી પડશે.

સ્કૂલો શરૂ થતાં સ્કૂલોએ કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સંચાલકોએ વિદ્યાર્થીઓનું ટેમ્પરેચર માપીને પ્રવેશ આપવાનો રહેશે. સ્કૂલો સોશિયલ ડિસ્ટન્સ જાળવવા માટે જો વર્ગખંડ નાનો પડે તો લાઈબ્રેરી કે લેબોરેટરીનો પણ ઉપયોગ કરી શકે છે.

## બિલ્ડર રમણ પટેલની મુશ્કેલીમાં વધારો: વધુ એક પોલીસ ફરિયાદ નોંધાઈ

અમદાવાદ,

અમદાવાદના જાણીતા એવા પોપ્યુલર બિલ્ડરની મુશ્કેલીમાં વધારો થયો છે. પોપ્યુલર બિલ્ડરના રમણ પટેલ અને તેના બે પુત્રો વિરુદ્ધ વધુ એક ફરિયાદ નોંધાઈ છે. વસ્ત્રાપુર પોલીસે રમણ પટેલ અને તેના બે પુત્રો વિરુદ્ધ સુપરવાઈઝરને મહેનતાણું ન ચૂકવ્યાના આરોપસર ફરિયાદ નોંધી છે. પોપ્યુલર બિલ્ડરના સિંધુ ભવન પર બનાવેલ ફૂડ કોર્ટમાં સુપરવાઈઝરને પૈસા ન આપ્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. સુપરવાઈઝરે મહેનતાણા પેટેના ૧૨ લાખ ૩૦ હજાર રૂપિયા આ ત્રણેય બાપ દીકરાઓએ નથી ચૂકવ્યા અંગે ફરિયાદ આપી હતી. પુત્રવધૂ દ્વારા મારામારી-ત્રાસની ફરિયાદ નોધાવ્યાં બાદ રમણ પટેલ અને પોપ્યુલર બિલ્ડર ચર્ચામાં આવ્યા છે.

# ખેડૂત આંદોલન વચ્ચે ઓરિસ્સા સરકાર કૃષિ સુધાર વટહુકમને લાગુ કરશે


ભુવનેશ્વર,

કેન્દ્રીય કૃષિ કાયદાના વિરોધમાં દેશભરમાં ચાલી રહેલ ખેડૂત વિરોધ પ્રદર્શન વચ્ચે ઓરિસ્સાની નવીન પટનાયક સરકારે મંગળવારે કૃષિ સુધાર વટહુકમને રાજયમાં ફરીથી લાગુ કરવાની મંજૂરી આપી દીધી. સરકારે રાજયભરાં પશુધન સહિત ભૌગોલિક રીતે પ્રતિબંધ મુક્ત વેપાર અને કૃષિ ઉપજની લેવડ-દેવડને સક્ષમ કરવા માટે ઓરિસ્સા કૃષિ ઉત્પાદન બજાર સુધારા અધિનિયમમાં સુધારાના વટહુકમને ફરીથી લાગુ કરવાનો નિર્ણય કર્યો. મુખ્યમંત્રી નવીન પટનાયકની અધ્યક્ષતામાં મંગળવારે થયેલી કેબિનેટ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો.

તમને જણાવી દઈએ કે સરકારે ત્રીજી વાર કૃષિ ઉપજ અને પશુધન વિપણન(પદોન્નતિ અને સુવિધા) વટહુકમને લાગુ કરવાનુ આશ્વાસન આપ્યુ. વટહુકમ સરકારે ખાનગી બજાર યાર્ડ અને ખેડૂત ગ્રાહક બજાર યાર્ડ(કૃષક બજાર), ઉપ બજાર યાર્ડ અને માર્કેટ યાર્ડ સ્થાપિત કરવા અને સંચાલિત કરવા માટે વાતારણ બનાવવામાં મદદ કરશે. જેનો હેતુ ખેડૂતોની ઉપજના લાભ માટે પ્રતિસ્પર્ધાને વધારવાનો રહેશે. વટહુકમ કૃષિની ઉપજના વેચાણ પર ભૌગોલિક પ્રતિબંધોને હટાવવા અને ખેડૂતોને રાજયની અંદર ક્યાંય પણ પોતાની ઉપજ વેચવાની મંજૂરી આપે છે. આ વેપાર સંચાલનમાં પારદર્શિતા વધારવા અને ભૌગોલિક ક્ષેત્રોમાં બજારોના એકીકરણ માટે ઈ-ટ્રેડિંગને પ્રોત્સાહન આપવાની માંગ કરે છે.

### લોકસભામાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના મોદી સરકાર પર પ્રહાર

# દેશને ચાર લોકો ચલાવે છે, અમે બે અને અમારા બે: રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી,

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી લોકસભામાં કૃષિ કાયદા મુદ્દે બોલી રહ્યા છે. તેમણે ખેડૂતોના મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા કહ્યું કે, વડાપ્રધાન કહે છે કે તેમણે વિકલ્પ આપ્યા છે, પરંતુ તેમનો પહેલો વિકલ્પ ભૂખ, બીજો બેરોજગારી અને ત્રીજો આત્મહત્યા છે. રાહુલે કૃષિ કાયદાઓ પર વધુમાં કહ્યું કે, 'પહેલા કાયદાની સામગ્રી એ છે કે કોઈ પણ વ્યક્તિ દેશમાં ગમે ત્યાં કેટલું પણ અનાજ, શાકભાજી, ફળોને ખરીદી શકે છે. જો દેશમાં ખરીદી અમર્યાદિત હશે, તો પછી માર્કેટમાં કોણ જશે? પ્રથમ કાયદાનું કન્ટેન્ટ બજારને નાબૂદ કરવાનો છે. બીજા કાયદાની કન્ટેન્ટ તે છે કે મોટા ઉદ્યોગપતિઓ અનાજ, ફળો, શાકભાજી સ્ટોક કરી શકે છે, આ માટેની કોઈ મર્યાદા નથી.' રાહુલે કહ્યું કે ત્રીજા કાયદાનું કન્ટેન્ટ એ છે કે ખેડૂત જ્યારે ઉદ્યોગપતિઓની સામે જઈને તેમની પેદાશ માટેના પૈસાની માંગણી કરે છે ત્યારે ખેડૂતોને કોર્ટમાં જવાની મંજૂરી આપવામાં આવશે નહીં. વર્ષો પહેલાં, કુટુંબના આયોજનમાં એક સૂત્ર હતુ- અમે બે અમારા બે. આજે શું થઈ રહ્યું છે, જે રીતે કોરોના બીજા સ્વરૂપમાં આવે છે, તેવી જ રીતે આ પણ એક નવા સ્વરૂપમાં આવી રહ્યું છે. હવે ૪ લોકો ચલાવી રહ્યા છે, તેમનું સૂત્ર છે અમે બે અમારા બે. રાહુલના ભાષણની શરૂઆતથી જ શાસક પક્ષે હોબાળો મચાવ્યો હતો. તેમના ભાષણ દરમિયાન અનેક વાર નારેબાજી થઈ હતી. પાછળથી અવાજો આવ્યા જે આ કોંગ્રેસની બેઠક નથી. સ્પીકરે પણ રાહુલને ઘણી વખત ટોકતાં કહ્યું હતું કે તમે બજેટની ચર્ચા કરો, પરંતુ રાહુલ ખેડૂતોના મુદ્દે બોલતા રહ્યા.

રાહુલે કહ્યું, 'અમે બે અને અમારા બે આ દેશને ચલાવીશું. પ્રથમ વખત, ભારતના ખેડુતોને ભૂખથી મરવું પડશે. આ દેશ રોજગાર પેદા કરી શકશે નહીં. આ પહેલો પ્રયાસ નથી. વડાપ્રધાને આ કામ હમ દો હમારે દો માટે પહેલા નોટબંધીમાં શરૂ કર્યું હતું. પહેલી ઈજા નોટબંધી હતી. પછી તે ઉદેશ હતો કે નોટ નિકાળો અને અમે બે અમારા બે ના ખિસ્સામાં મૂકી દો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

હાલોલ તા.ખ. વે.સં.લી.

મુ. તલાવડી, તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

લીલાબેન નગીનભાઈ રાવળ

મુ. વિટોજ, તા. હાલોલ

## GUJARAT STATE WAQF BOARD
## ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ

Dr.jivrajbhai Mehta Bhavan, Block No.8, Gandhinagar.
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ગાંધીનગર.

વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ -૩૬

**વિષય :-"ઝમઝમ વક્ફ કમિટી"**

ઉપરોક્ત જણાવેલ વક્ફના મુતવલ્લી **યુનુસ અબ્દુલરઝાક ભટુક મુ.ગોધરા, જિ.પંચમહાલ**નાઓએ મજકુર વક્ફના ઉદેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત વક્ફ જંગમ/સ્થાવર મિલકત વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ -૨૦૧૩ની કલમ-૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલકતની વિગત નીચે મુજબ છે.

| જિલ્લો અને તાલુકો | ગામ / મુ. પો./ઠે | મિલકતનો પ્રકાર | સર્વે નં./ મિલકત નં. | ચો.મી. |
|---|---|---|---|---|
| તા.પંચમહાલ જિ.પંચમહાલ | મુ.પો. ગોધરા | બિનખેતી જમીન | રે.સર્વે નં.૭૮૫/૧૩ પૈકી ૧૨/પૈકી ૧ | ૪૨૩-૦૦ |

ઉક્ત જણાવેલ સ્થાવર મિલકત વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વક્ફના વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(મુનીર વ્હોરા)
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગર.

## દિવસો થી ચાલી રહેલી વિવિધ અટકળોની સાથે ઉમેદવારોની આતુરતાનો અંત

# પંચમહાલ જીલ્લાની સ્થાનિક સ્વરાજની ચુંટણી માટે ભાજપાએ ઉમેદવારોની જાહેરાત : કહીં ખુશી કહીં ગમ

ગોધરા,
આખરે પંચમહાલ જીલ્લાની સ્થાનિક સ્વરાજની ચુંટણી માટે ભાજપા એ ઉમેદવારોના નામ જાહેર કરતા દિવસો થી ચાલી રહેલી વિવિધ અટકળોનો અંત આવવાની સાથે ઉમેદવારોની આતુરતાનો અંત આવ્યો છે. જીલ્લા પંચાયત, ગોધરા નગર પાલિકા,શહેરા નગર પાલિકા, ગોધરા તાલુકા સહિતની તમામ તાલુકા પંચાયતો માટે જાહેર થયેલી યાદીમાં ૩ ટર્મ, ૬૦ વર્ષની મર્યાદા, સીમાંકન રોટેશન પદ્ધતિ જેવા કારણોસર ચાલુ સભ્યોના પત્તા કપાયા છે. તેઓની જગ્યાએ નવા ચહેરાઓને તક આપવામાં આવતાં કહીં ખુશી કહી ગમ નો માહોલ રચાયો છે. ગોધરા નગર પાલિકાની કુલ ૧૧ વોર્ડ પૈકી લઘુમતી તથા વિવાદાસ્પદ નામો અંગે અંતિમ નિર્ણય નહીં લેવાતા છેવટે ગુરૂવારના રોજ ૬ વોર્ડના ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. કુલ- ૨૪ પૈકી ૧૦ સભ્યોને રીપીટ કરવામાં આવ્યા છે. ૧૦ સભ્યોના પત્તા કપાયા છે. ૦૨ પૂર્વ સભ્યોના પુત્રને ટીકીટ આપવામાં આવી છે. ૦૨ પૂર્વ સભ્યોને સ્થાન આપવામાં આવ્યું છે. બાકીના યુવા ચહેરાઓને તક આપવામાં આવતા ભાજપાના યુવા પ્રમુખ દિપેશસિંહ ઠાકોર, જયપ્રકાશ ગંગારામ હરવાણી, કશ્યપભાઈ મુરલીધર મુલચંદાણીનો સમાવેશ થાય છે. પાલિકાના કપાયેલા સભ્યોમાં રણજીતા મકવાણા, સંતોષભાઈ ભુરીયા, મુરલીચંદ મુલચંદાણી, વિદ્યાબેન હરવાણી, ચેતન સામતાણી, ગંગારામ હરવાણી, સંગીતાબેન રાણા, રાજેશભાઈ ચૌહાણ, ઈલેન્દ્રભાઈ પંચાય, દિપકભાઈ સોની કેટલાક સભ્યો વર્ષોથી સત્તા ભોગવી રહ્યા હતા. હજુ ૦૫ વોર્ડના ઉમેદવારો બાકી છે. જેમાં મોટાભાગના લઘુમતી વિસ્તારનો સીમાંકન આવે છે. આગામી દિવસમાં જાહેરાત થનાર છે. એકાએક નામ જાહેરાત થવાની સાથે અંદર ખાનગી વિરોધ વંટોળ શરૂ થયો છે. પરંતુ ભાજપના શિસ્તના કારણે પક્ષ વિરૂદ્ધ જાહેરમાં ઉચ્ચારણ કરવાનું ટાળી રહ્યા છે. કપાયેલા ઉમેદવારોને મુંઝવણ સતાવી રહી છે કે હવે શું કરવું તો બીજી તરફ આગામી વોર્ડમાં કોના પત્તા કપાશે તે અગે લોકો અનેક નામો મૂકી રહ્યા છે. આ ઉપરાંત કોંગ્રેસ દ્વારા હજુ સુધી નામોની જાહેરાત કરવામાં ન આવતાં એક કરતાં વધારે માંગણીકારો હોવાથી ટીકીટ કોને આપવી તે બાબતે ગડમથલ ચાલી રહી છે. ભાજપે ઉમેદવારોના નામો જાહેર કરીને પત્તા ખોલી નાખ્યા છે. હજુ સુધી કોંગ્રેસનું અકળ મૌન ઉમેદવારો તથા ટીકીટ વાંચ્છુકોને અકળાવી રહયું છે. આ સ્થિતી વચ્ચે પસંદ પામેલા ઉમેદવારોને તૈયાર રહેવા ખાનગીમાં ટેલિફોનીક સુચનાઓ પાઠવી દેવાઈ હોવાનું જાણવા મળ્યું છે. આજે ગુરૂવારના રોજ ૭૮ ફોર્મ ઉપડવાની સાથે ૩૬ ફોર્મ જમા થયા હતા. આમ, અત્યાર સુધી ૩૨૧ જેટલા ફોર્મ ઉપડીને ૬૨ ફોર્મ ભરાતા આગામી દિવસમાં રાફડો ફાટે તો નવાઈ નહીં. હવે પંચમહાલ જીલ્લા પંચાયતની જાહેરાત તે સૌને અચંબામાં મૂકી દીધા હતા. કારણ કે, કુલ ૩૮ બેઠકો સમગ્ર જીલ્લાને આવરી લેતો વિસ્તાર છે. જેમાં અગાઉ સભ્ય રહી ચૂકેલા તમામ સભ્યોને નો રિપીટ થીયેરી મુજબ મેન્ડેટ નહીં આપીને પાર્ટીએ રૂખસદ આપી છે. જોકે, અગામી સમયમાં તેઓને સંગઠનમાં સ્થાન આપવામાં આવનાર છે. કપાયેલ ટીકીટમાં ૦૩ પૂર્વ પ્રમુખ એવા રાજપાલ જાદવ, કેતુબેન દેસાઈ, રશ્મિકાબેન પટેલ, શાસક પક્ષના નેતા કકુલભાઈ પાઠક, ગોપાલભાઈ પટેલ, ખાતુભાઈ પગી, જસવંતસિંહ સોલંકી, સમરસિંહ પટેલ, પ્રમોદ નાગર તથા ધારાસભ્ય સુમનબેન ચૌહાણ તથા પૂર્વ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ સહિતના અન્ય સભ્યોનો સમાવેશ કરવામાં આવે છે. તેઓના સ્થાને કામીનીબેન સોલંકી, અરવિંદસિહ પરમાર, રયજીભાઈ પરમાર, વિક્રમભાઈ ડીંડોરને મેન્ડેટ ફાળવવામાં આવ્યો છે.

### ગોધરા નગરપાલિકાના ભારતીય જનતા પાર્ટીના વોર્ડ પ્રમાણે ઉમેદવારો

વોર્ડ-૧
હંસાબેન પ્રેમેન્દ્રભાઈ વાઘેલા.
દિવાબેન વિઠ્ઠલભાઈ પરમાર.
ગોવિંદભાઈ કાંતિભાઈ નાયક(પૂ.સભ્ય).
સુનિલકુમાર ખેમચંદ લાલવાણી(હાલ સભ્ય).

વોર્ડ-૨
સવિતાબેન ચંદુભાઈ બુજ(હાલ સભ્ય).
વર્ષાબેન નિલેશભાઈ ઠાકર(હાલ સભ્ય).
ધ્રુવરાજસિંહ રાજેન્દ્રસિંહ સોલંકી.
કશ્યપભાઈ મુરલીધર મુલચંદાણી.

વોર્ડ-૩
ઉમાબેન ભરતકુમાર પટેલ(હાલ સભ્ય).
ભાવનાબેન વિપુલકુમાર શાહ.
દીપેશસિંહ જગદીશસિંહ ઠાકોર.
જયપ્રકાશભાઈ ગંગારામભાઈ હરવાણી.

વોર્ડ-૪
રમીલાબેન શાંતિલાલ સોલંકી.
ભારતીબેન સતીશકુમાર પટેલ(હાલ સભ્ય).
હિતેન્દ્રકુમાર ધરમદાસ સાવલાણી.
રાકેશકુમાર સોમાભાઈ રાણા.

વોર્ડ-૫
અમિષા ચિરાગકુમાર શાહ.
પીનલબેન સચિનકુમાર પટેલ.
હેમાંગ કિરીટભાઈ સોની.
જયમીન નગીનદાસ શાહ.

વોર્ડ-૧૧
ગૌરીબેન અશોકચન્દ્ર જોશી(હાલ સભ્ય).
નિમ્મી નિરજકુમાર પરીખ(હાલ સભ્ય અપક્ષ).
જયેશકુમાર બાબુભાઈ ચૌહાણ(હાલ સભ્ય).
રૂપેન (બોબી)રમેશચંદ્ર મહેતા(પૂર્વ સભ્ય).

- ગોધરા નગર પાલિકાના ૧૧ વોર્ડ પૈકી માત્ર ૦૬ વોર્ડ માટે નામો ઘોષિત.
- ૨૪ પૈકી ૧૦ સભ્યોના પત્તા કપાયા : ૧૦ નવા ચહેરાઓને સ્થાન.
- બે પૂર્વ સભ્યોના પુત્રો અને બે પૂર્વ સભ્યોને ટીકીટ ફળવાઈ.
- ગોધરા નગર પાલિકામાં ગુરૂવારે ૭૮ ફોર્મ ઉપડવાની સાથે ૩૬ ફોર્મ જમા થયા.
- પંચમહાલ જીલ્લા પંચાયતની તમામે તમામ ૩૮ બેઠકો ઉપર જુના ચહેરાઓ બદલાયા : નવાઓને તક.
- ૦૭ તાલુકા પંચાયતની ચુંટણી માટે ઉમેદવારોની પણ ફેરબદલ.
- ભાજપામાં અંદરખાને વિરોધ પરંતુ શિસ્તના મુદ્દે મૌન રહેવાનું મુનાસીબ માનતા અસંતુષ્ટો.
- હજુ સુધી કોંગ્રેસ દ્વારા નામોની જાહેરાત ન કરાતા મતદારોમાં દ્વિધા.
- નારાજગી ટાળવા માટે તૈયાર રહેવાની ખાનગીમાં કોંગ્રેસ આપેલી સુચના.

### પંચમહાલ જિલ્લા પંચાયતના ભાજપના ઉમેદવારો

૧. આંગળીયા-કિંજલ નિલેશકુમાર સંગાડા.
૨.ગોલ્લાવ-રેણુકાબેન સુભાષભાઈ ડાયરા.
૩.ઓરવાડા-અરવિંદસિંહ બળવંતસિંહ પરમાર.
૪.સાંપા- રમણભાઈ સનાભાઈ ડામોર.
૫.અંબાલી-કામિનીબેન ગોપાલસિંહ સોલંકી.
૬.જાફરાબાદ-શંકુતલાબેન સુરેશભાઈ ગણાવા.
૭.કાકણપુર-મણીબેન કાળુભાઈ પરમાર.
૮.મોટી કાંટડી-વિનોદભાઈ મનસુખભાઈ ભગોરા.
૯.નદીસર-રયજીભાઈ લક્ષ્મણભાઈ પરમાર.
૧૦.બાકરોલ-હીરાબેન અમરસિંહ રાઠોડ.
૧૧.પિંગળી-પ્રવિણસિંહ પર્વતસિંહ ચૌહાણ.
૧૨.એરાલ-કૃષ્ણકાન્ત શાંતિલાલ પરમાર.
૧૩.કરોલી-વાલીબેન લાલાભાઈ નાયક.
૧૪.વેજલપુર-રેખાબેન વિજયસિંહ રાઠોડ.
૧૫.શિવરાજપુર-પ્રેમીલાબેન નરેન્દ્રસિંહ પરમાર.
૧૬.તલાવડી-રમેશભાઈ કાભાઈ પરમાર.
૧૭.તરખંડા-સંગીતાબેન ચંદનસિંહ પરમાર.
૧૮.કંણજરી-સુનિલસિંહ દલપતસિંહ પરમાર.
૧૯.વાલિયા-સીતાબેન ગુલાબસિંહ નાયક.
૨૦.કાનપુર-રંગીતભાઈ ભોદરભાઈ રાઠવા.
૨૧.ખરોડ-જયાબેન રમેશભાઈ રાઠવા.
૨૨.પાલલા-ભુપેન્દ્રસિંહ અર્જુનસિંહ સોલંકી.
૨૩.સીમલિયા-સૂર્યાબેન તખતસિંહ બારીઆ.
૨૪.વાવકુલલી-મીનાભાઈ મથુરભાઈ રાઠવા.
૨૫.ઝીંજરી-રમેશભાઈ ગોપાલભાઈ રાઠવા.
૨૬.જાંબુઘોડા-રમીલાબેન ભણતાં ભાઈ રાઠવા.
૨૭.મોરવાહડફ-રામસિંહ કાળુભાઈ બારીઆ.
૨૮.સાલીયા-સરોજબેન અરવિંદભાઈ કોળી.
૨૯.મોરા-આશાકુંવરબા હરદીપસિંહ જાદવ.
૩૦.રજાયતા-વિક્રમસિંહ રામસિંહ ડીંડોર.
૩૧.વંદેલી-મહેન્દ્રકુમાર હિમતસિંહ બારીઆ.
૩૨.ધામનોદ-દૂધાભાઈ ભવાનસિંહ બારીઆ.
૩૩.નાંદરવા-દિલીપસિંહ અરવિંદસિંહ સોલંકી.
૩૪.સુરેલી-કિરણસિંહ સોમસિંહ બારીઆ.
૩૫.અણીયાદ-વિનુભાઈ અમરાભાઈ નાયકા.
૩૬.બોરીયા-રમીલાબેન જશવંતભાઈ પગી.
૩૭.દલવાડા-ભારતીબેન ભૂપતસિંહ પટેલ.
૩૮.વાડી-લીલાબેન દિલીપસિંહ સોલંકી.

## શહેરાના ધાયકા ગામે પાનમની મુખ્ય કેનાલ ઓવરફલો થતાં ખેતીના ઉભા પાકને નુકશાન સિંચાઈ વિભાગની બેદરકારી સામે આવી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા તાલુકાના ધાયકા ગામે પાનમ ડેમ આધારિત પાનમ મુખ્ય કેનાલ ઓવરફલો થવાથી હજારો લીટર પાણીનો વેડફાટ થવા પામ્યો છે. તો બીજી તરફ કેનાલનું પાણી ખેતરોમાં પણ આવી જતા ખેડૂતોના ઉભા પાકને પણ નુકસાન થવા પામ્યું છે. જોકે સિંચાઈ વિભાગની બેદરકારીને કારણે કેનાલ ઓવરફલો થઈ હોવાનું સામે આવ્યું છે.

પાનમ સિંચાઈ કેનાલ મારફતે ખેડૂતોને ત્રણેય સિઝનમાં સિંચાઈનું પાણી આપવામાં આવે છે, પરંતુ આ કેનાલ ખેડૂતો માટે આશીર્વાદની સાથેસાથે અભિશાપ પણ સાબિત થતી રહી છે. દર વર્ષે આ કેનાલમાં લીકેજ થવું, ગાબડા પડવા, કેનાલમાં સાફ સાફાઈનો અભાવ, કેનાલ ઓવરફલો થવી જેવી અનેક સમસ્યાઓનો સામનો ખેડૂતોને કરવો પડે છે. અને આજ પ્રકારની ઘટના હાલમાં બનવા પામી છે, શહેરા તાલુકાના ધાયકા ગામ પાસેથી પસાર થતી પાનમની મુખ્ય કેનાલ ઓવરફલો થવાથી પાણી કેનાલની બહાર નિકળ્યુ અને આસપાસના ખેતરો તેમજ કોતરોમાં વહી ગયુ હતુ.કેનાલ ઓવરફલો થવાને કારણે બહાર આવેલા પાણીથી ખેતરમાં રહેલા ઘઉં,મકાઈ તેમજ ડાંગરના ઉભા પાકને નુકશાન થવા પામવા સાથે ઘાસચારાને પણ નુકશાન પહોંચ્યું હતું. જયારે ભારે માત્રામાં વહી રહેલા પાણીને લઈને કેનાલની બાજુમાં આવેલ જમીનનું પણ ભારે ધોવાણ થવા પામ્યું છે.

જયારે પાનમ સિંચાઈ વિભાગ દ્વારા પાનમ મુખ્ય કેનાલ મારફતે આગામી ઉનાળાની સિઝનમાં ખેડૂતોને સિંચાઈનું પાણી ન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે જે પાછળનું કારણ છે કે પાનમ ડેમમાં ગત ચોમાસાની સિઝનમાં ઓછો વરસાદ થવાને લઈને પાણીનો સંગ્રહ ડેમની કુલ સંગ્રહ ક્ષમતાના માત્ર ૫૨% જ પાણીનો જથ્થો હાલ ઉપલબ્ધ છે. જે ખુબ જ ઓછો છે. ત્યારે પાનમ વિભાગની જ બેદરકારીને લઈને પાનમ મુખ્ય કેનાલ ઓવરફલો થવા પામી અને હજારો લીટર પાણી કોતર અને ખેતરોમાં વેડફાઈ જવા પામ્યું ત્યારે સ્થાનિક ખેડૂતો માંગ કરી રહ્યા છેકે પાનમ વિભાગ દ્વારા જો આમ જ પાણીનો વેડફાટ કરવામાં આવતો હોય તો તેની જગ્યાએ ખેડૂતોને આગામી ઉનાળાની સિઝનમાં સિંચાઈનું પાણી આપવામાં આવે. પાનમ મુખ્ય કેનાલ ઓવરફલો થવા પાછળ પણ પાનમ સિંચાઈ વિભાગ જ જવાબદાર હોવાનું બહાર આવ્યું છે, સિંચાઈ વિભાગ દ્વારા કેનાલમાં ડીસિલ્ટીગની કામગીરી કરવામાં જ ના આવી જેને લઈને કેનાલમાં શેવાળ થઈ જવાને લીધે કેનાલ ઓવરફલો થઈ. સિંચાઈ વિભાગ દ્વારા ઓવરફલો થતા પાણીને અટકાવવા માટે માટીના પાળા બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. તો બીજી તરફ સતત વહી રહેલા પાણીને લીધે જમીનના થયેલા ધોવાણની પણ મરામત કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

## ગુજરાત રાજય મહિલા આયોગના અધ્યક્ષાને કોવિડ વુમન વોરીયર્સના એવોર્ડથી નવાજવામાં આવ્યા


તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,
નેશનલ કમિશન ફોર વીમેન , નવી દિલ્હી દ્વારા તેઓના ૨૯ માં સ્થાપનાદિન નિમિત્તે તા -૩૧ / ૦૧ / ૨૦૨૧ ના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે કોવિડ વુમેન વોરીયર્સ- ધ રીયલ હીરોઝ બાબતે વર્કશોપ રાખવામાં આવેલ. રાષ્ટ્રિય મહિલા આયોગ દ્વારા તાજેતરમાં કોરોના -૨૦૧૯ ના કપરા સમય દરમ્યિાન ગુજરાત રાજય મહિલા આયોગના અધ્યક્ષા લીલાબેન અંકોલીયાની ઉત્કૃષ્ઠ કામગીરીને બિરદાવીને રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષા રેખા શર્મા મેડમ દ્વારા એવોર્ડ આપીને નવાજવામાં આવ્યા હતા. કોવિડ વોરીયર્સ હીરોઝ સન્માનના કાર્યક્રમમાં રાષ્ટ્રિય કક્ષાએ યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં મહેમાન તરીકે પ્રકાશભાઈ જાવડેકર, માનનીય મંત્રી, માહિતી પ્રસારણ , ભારત સરકાર અને રત્નાલાલ કટારીયા, માનનીય રાજયકક્ષાના મંત્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા અને જળશકિત, ભારત સરકાર તથા રામ મોહન મિશ્રા, આઈ.એ.એસ. સચિવ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, નવી દિલ્હી ઉપસ્થિત રહયા હતા.

## હાલોલના જવાહર નગરમાં ગેરકાયદેસર દબાણ દુર કરવાની તંત્રની સુચનાને અવગણનાનો આક્ષેપ

હાલોલ,
હાલોલની જવાહર નગર સોસાયટીના કોમન પ્લોટ પર ગેરકાયદેસર બાંધકામ દુર કરવા અંગે ૨૦૦૮ થી સોસાયટીના વૃદ્ધ દ્વારા લેખિતમાં રજુઆતો કરવા છતાં રહિશને ન્યાય મળ્યો નથી. જિલ્લા વહીવટીતંત્ર વારંવાર સ્થાનિક વહીવટીતંત્રે લેખિતમાં સુચનાઓ આપવા છતાં સ્થાનિક વહીવટી તંત્ર જિલ્લા વહીવટી તંત્રની સુચનાઓની અવગણના કરાતી હોવાનો આક્ષેપ ફરિયાદી દ્વારા કરવામાં આવ્યો હતો.

જવાહરનગર સોસાયટી રહિશ બાબુભાઈ સોલંકી દ્વારા સોસાયટીના કોમન પ્લોટ પર થયેલ અતિક્રમણ અંગે રજુઆત કરવામાં આવેલ હોવાનુ અરજદાર દ્વારા જણાવાઈ રહ્યુ છે. અરજદાર દ્વારા છેલ્લા ૧૨ વર્ષથી એક જ પ્રશ્નોને લઈને પારદર્શક વહીવટ પાસે સતત રજુઆતો કરવા છતાં કોઈ નકકર પરિણામ આવ્યુ નથી. આ સંદર્ભે હાલોલ ના.કલેકટર પ્રાંતને પુછતા તેઓએ જણાવ્યુ હતુ કે, આ સોસાયટીનો મંજુર થયેલ લે આઉટ પ્લાન(નકશો)સરકારી રેકર્ડ પર હાલમાં ઉપલબ્ધ નથી. જેની તપાસ ચાલુ છે. લે આઉટ પ્લાન ઉપલબ્ધ થયે અભ્યાસ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. મામલતદારના જણાવ્યાનુસાર સર્કલ ઓફિસર આ અંગે તપાસ ચલાવી રહ્યા છે. જેનો અહેવાલ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ચીફ ઓફિસરે આ વિષય સંદર્ભે સંપુર્ણ અભ્યાસ કર્યા બાદ હું કાંઈ પણ જણાવીશ તેમ જણાવી સમગ્ર મામલે મૌન સેવી લીધુ હતુ.

## શહેરા નગર પાલિકાની ચુંટણી માટે વિજય મૂહર્તમાં બીજેપી માંથી ૧૫ અને અપક્ષ ૮ ફોર્મ ભરાયા

શહેરા,
શહેરા નગર પાલિકાની ચૂંટણી નો માહોલ જામ્યો છે.નગર પાલિકા વિસ્તાર મા આવેલ ૨થી ૬ વોર્ડમાં ભાજપ પક્ષ માંથી ૧૫ અને અપક્ષ માંથી ૮જેટલા ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ વિજય મૂહુર્તમાં ભર્યા હતા.

શહેરા નગર પાલિકાની ચૂંટણીની તારીખ જાહેર થતા ચૂંટણી લડવાની ઈચ્છા ધરાવતા ઉમેદવારો માં દોડધામ મચી જવા પામી હતી. જયારે નગર પાલિકાની ચૂંટણી કચેરી ખાતેથી ૧૪૪ જેટલા ઉમેદવારી ફોર્મ વિતરણ કરવામાં આવ્યું હતું. ચૂંટણી ફોર્મ ભરવાની તારીખ નજીક હોવાથી ૧થી ૬ વોર્ડ ની ૨૪ બેઠકો માટે ઉમેદવારો વિજય મુહૂર્તમાં ઉમેદવારી નોંધાવવા માટે પોતાના ટેકેદારો સાથે કચેરી ખાતે આવ્યા હતા. જ્યારે વોર્ડ નંબર ૨ થી ૬ મા ભાજપ પક્ષમાંથી ૧૫ અને અપક્ષ માંથી ૮ મળીને કુલ ૨૩ જેટલા ઉમેદવારોએ વિજય મુહૂર્ત મા ટેકેદારો સાથે આવીને ઉમેદવારી નોંધાવી હતી. વોર્ડ નંબર ૧મા ગુરૂવાર ના રોજ એક પણ ઉમેદવાર એ ઉમેદવારી નોંધાવી ના હતી. કોંગ્રેસ પક્ષ માથી એક પણ ઉમેદવારી નોંધાઈ ના હતી.આ નગર પાલિકા ની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ માંથી એક પણ ઉમેદવાર ફોર્મ નહી ભરીને ઉમેદવારી નોંધાવે નહી તેવી ચર્ચા રાજકીય પક્ષો માં જોરશોર થઈ રહી છે.ત્યારે ભાજપ અને અપક્ષ વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે કે શું ? પાલિકાની ચૂંટણી આ વખતની રસાકસી બની રહે તો નવાઈ નહિ.

### શહેરા તાલુકા જીલ્લા પંચાયત મા ભાજપ ના ઉમેદવારો ની યાદી

૧. ધામણોદ -દૂધાભાઈ ભવાનસિંહ બારીઆ.
૨. નાંદરવા-દિલીપસિંહ અરવિંદસિંહ સોલંકી.
૩. સુરેલી-કિરણસિંહ સોમસિંહ બારીઆ.
૪. અણીયાદ-વિનુભાઈ અમરાભાઈ નાયકા.
૫. બોરીયા-રમીલાબેન જશવંતભાઈ પગી.
૬. દલવાડા-ભારતીબેન ભૂપતસિંહ પટેલ.
૭. વાડી-લીલાબેન દિલીપસિંહ સોલંકી.

## કાલોલ પંથકમાં પૂનઃદિપડાની દહેશત આથમણા ગામે વાડામાં બાંધેલ ભેંસનું મારણ કરતો દિપડો



કાલોલ,
કાલોલ તાલુકાના આથમણા ગામે દિપડા એ વાડામાં બાંધેલ ભેંસનું મારણ કર્યાની જાણ વન વિભાગને કરતાં વન વિભાગના કર્મચારીઓ ઘટના સ્થળની મુલાકાત લીધી હતી.

કાલોલ પંથકમાં થોડા સમય પહેલા મલાવ હાલોલ વિસ્તારમાં દિપડો દેખો દેતાં ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. તે માંડ શાંત થયો છે. ત્યારે કાલોલના આથમણા ગામે દિપડા એ આંટા મારતાં ગ્રામજનોમાં ફફડાટ વ્યાપ્યો છે. આથમણા ગામના ડેડીયા ફળીયામાં વાડામાં બાંધી રાખેલ ભેંસનું દિપડા એ મારણ કર્યું હતું. દિપડા દ્વારા ભેંસનું મારણ કર્યાની જાણકારી વન વિભાગને કરવામાં આવતાં વન વિભાગના કર્મચારી ઘટના સ્થળે આવી મુલાકાત લીધી હતી અને દિપડાની હિલચાલ ઉપર નજર રાખી રહી છે.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલના મલાવ અને યોગચાર્ય અને ધર્મગુરૂ પૂજ્ય રાજશ્રી મુનિજીના જન્મદિનની ઉજવણી ત્રિવેણી મહોત્સવરૂપે કરાઈ. કાલોલના મલાવ ખાતે યોગચાર્ય અને ધર્મગુરૂ પૂજ્ય રાજશ્રી મુનિજી એ ૯૦ વર્ષ પુરા કરીને ૯૧માં વર્ષમાં પ્રવેશ કર્યો. મુનિજીની સંયત્ન સાધનાના ૫૦ વર્ષ પુરા થયા. લાઈફ મિશન સંસ્થાને ૨૦ વર્ષ પૂર્ણ થયાના ત્રણે સંયોગને મહોત્સવરૂપે ઉજવણી કરવામાં આવી. મલાવ ખાતે ત્રિવેણી મહોત્સવની ઉજવણી કરાઈ. ૫૬ યુગલો એ ગુરૂજીની શાસ્ત્રોકતવિધીથી પાદુકા પૂજન કરવામાં આવ્યું. મોટી સંખ્યામાં ભાવિકો હાજર રહ્યા હતા.

## ગોધરા તાલુકાના ચંચેલાવ ગામે જુગાર રમતા ૩ ઈસમોને ૨૨ હજારના રોકડ સાથે ઝડપ્યા

ગોધરા,
ગોધરા તાલુકાના ચંચેલાવ ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ત્રણ ઈસમોને દાવ ઉપર મૂકેલ અને રોકડા મળી ૨૨,૧૩૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ચંચેલાવ ગામની સીમમાં જાહેરમાં પાના પત્તાનો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે તાલુકા પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન તુષાલ સરદારભાઈ વણઝારા, વિષ્ણુ ઉર્ફે સુખદેવભાઈ માનસીંગભાઈ વણઝારા અને શીવ ભાવસિંહ વણઝારાને ઝડપી પાડયા હતા. તેઓની અંગઝડતીમાં ૧૮,૧૨૦/-રૂપીયા અને દાવ ઉપર મુકેલ ૪,૦૧૦/-રૂપીયા મળી કુલ ૨૨,૧૩૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી જુગારધારા હેઠળ ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલ મધ્ય ગુજરાત વીજ કંપનીની ઓફિસ બંધ કરી ૫ કિમી દુર ખસેડતા વીજ ગ્રાહકોને હાલાકી

હાલોલ,
હાલોલ મદયગુજરાત વીજ કંપનીની મુખ્ય ઓફિસ બંધ કરી નગરથી પાંચ કિમી દુર લક્કી સ્ટુડિયો પાસે ખસેડતા હાલોલ તાલુકાના વીજ ગ્રાહકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

હાલોલ નગર સહિત તાલુકાના વીજ ગ્રાહકોને બિલ ભરવા માટે દરેક ગામમાં પોસ્ટ ઓફિસમાં વીજબિલ ભરવાની વ્યવસ્થા હતા. છેલ્લા ઘણા સમયથી પોસ્ટ દ્વારા આ સુવિધા બંધ કરી દેવાતા ગ્રામ્ય વિસ્તારના તમામ વીજ ગ્રાહકોને ફરજીયાત હાલોલ આવવુ પડે છે. તાલુકાના ગ્રામ્ય ઉંડાણવાળા ગામો હાલોલથી અંદાજિત ૨૫ થી ૩૦ કિમી દુર છે. બે મહિને ૧૦૦ થી ૨૦૦ રૂ.બિલ ભરવા માટે આ વીજ ગ્રાહકને રૂ.૧૦૦ ભાડુ ખર્ચી હાલોલ આવવુ પડે છે. તેમાં પણ એ દિવસે કામ થયુ તો ઠીક નહિ તો ફરીથી ધક્કો ખાવાનો વારો આવે છે. વીજ ગ્રાહકોની વીજ બિલ ભરવા માટે વીજ કંપની દ્વારા હાલમાં હાલોલ ખાતે બે જગ્યાએ વીજ બિલ કનેકશન સેન્ટર રાખવામાં આવ્યા છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં આ સુવિધા ન હોવાથી ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકોને હાલોલથી દુર જવુ પડતુ હોવાથી ભારે કચવાટ જોવા મળી રહ્યો છે.